# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-09-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, દેશની જાહેર નાણા વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ- CAG મહત્વની ભૂમિકા ભજવે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાનાં સફળ પ્રવાસ બાદ સ્વદેશ આવવા રવાના.
- નાણામંત્રી નિર્મલા સીતારમણ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ના બોર્ડ ઓફ ગવર્નર્સની 9મી વાર્ષિક બેઠકમાં હાજરી આપવા તાશ્કંત પહોંચ્યા.
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે ઓસ્ટ્રેલિયન વેપારીઓને ભારતમાં વેપાર માટે આમંત્રણ આપ્યું·
- જમ્મુ-કાશ્મીરમાં આવતીકાલે બીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણી માટેની તમામ તૈયારી પૂર્ણ..
- ટેનિસમાં, ભારતીય જોડી યુકી ભામ્બરી અને તેમના ફ્રેન્ચ ભાગીદાર ચેંગડુ ઓપનની ફાઇનલમાં પહોંચ્યા..

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ-ASOSAI

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ નવી દિલ્હીમાં એશિયન ઓર્ગેનાઇઝેશન ઓફ સુપ્રીમ ઓડિટ ઇન્સ્ટિટ્યુશન્સની 16મીસભાનું ઉદઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં

સુશ્રી મુર્મુએ જણાવ્યું કે, દેશની જાહેર નાણા વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદેહિતા સુનિશ્ચિત કરવામાં કોમ્પ્ટ્રોલર એન્ડઓડિટર જનરલ- CAG મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે, ભારતીય બંધારણે સીએજી કાર્યલયને વ્યાપક સત્તાઓ અને સંપૂર્ણ સ્વાયત્તતા આપી છે.

રાષ્ટ્રપતિએ મુર્મુએ જણાવ્યું કે, CAG એ બંધારણનાં ઘડવૈયાઓની અપેક્ષા પ્રમાણે કાર્ય કર્યું છે. તેમણે જણાવ્યું કે, CAG તેની નૈતિક આચરણની આદર્શ આચારસંહિતાનું પાલન કરે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ઓડિટ અને એકાઉન્ટિંગનો વ્યવસાય સદીઓ જૂનો છે અને પ્રાચીન ભારતીય ગ્રંથોમાં પણ વર્ણન છે કે નાણાકીય વ્યવહારુતા અને પ્રામાણિકતા  શાસનમાટે મહત્વનાં છે. ચાર દિવસના આ સંમેલનમાં સીએજી સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ચર્ચા થશે. આ પરિષદમાં42 દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં 200થી વધુ પ્રતિનિધીઓ ભાગ લઈ રહ્યા છે.

## PM-RETURN

અમેરિકાની ત્રણ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વદેશ આવવા રવાના થયા છે. તેમણે ડેલવેરમાં ચોથા ક્વોડ લીડર્સ સમિટમાં ભાગ લીધો હતો અને ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સમિટની સાથે ન્યૂયોર્કમાં વસતા ભારતીય સમુદાયની સભાને પણ સંબોધિત કરી હતી.

## NIRMALA - UZBEKISTAN

નાણામંત્રી નિર્મલા સીતારમણ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ના બોર્ડ ઓફ ગવર્નર્સની 9મી વાર્ષિક બેઠકમાં હાજરી આપવા ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંત પહોંચી ગયા છે. તેઓ આવતીકાલે અને ગુરુવારે સમરકંદમાં યોજાનારી બેઠકમાં ભાગ લેશે.

ભારત AIIBનું બીજું સૌથી મોટું શેરધારક છે. સુશ્રી સીતારમણ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) પર પણ હસ્તાક્ષર કરશે. તેઓ

ઉઝબેકિસ્તાન, કતાર, ચીનના નાણામંત્રીઓ અને AIIB ના પ્રમુખ સાથે પણ દ્વિપક્ષીય બેઠકો કરશે. તેઓ ઉઝબેકિસ્તાનમાં વસતા વિવિધ ક્ષેત્રનાં ભારતીય મૂળનાં અગ્રણીઓ સાથે પણ મુલાકાત કરશે.

# GOYAL_AUSTRALIA

ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાતના પ્રથમ દિવસે, વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી.. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે શ્રી ગોયલે બિઝનેસ કાઉન્સિલ ઑફ ઑસ્ટ્રેલિયા દ્વારા આયોજિત બિઝનેસ રાઉન્ડ ટેબલમાં હાજરી આપી હતી.. આ બેઠકમાં  અગ્રણી ઑસ્ટ્રેલિયન અને ભારતીય સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ ઓસ્ટ્રેલિયન વ્યાપારીઓને ભારતમાં વ્યાપાર કરવા માટે આમંત્રણ આપ્યું હતું. ગોયેલ ઓસ્ટ્રેલિયન પેન્શન ફંડના વરિષ્ઠ પ્રતિનિધિઓને પણ મળ્યા હતા.

શ્રી ગોયલે ભારતીય બજારમાં ઉભરતા ક્ષેત્રો જેમ કે રિન્યુએબલ એનર્જી, મેન્યુફેક્ચરિંગ, શિક્ષણ, ફિનટેક અને એગ્રીટેકમાં વધુ રોકાણ માટે ઓસ્ટ્રેલિયન વેપારીઓને રોકાણ માટે  પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીએ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારતીય સમુદાયના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરી હતી, તેમણે ઓસ્ટ્રેલિયા-ભારત સંબંધોમાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી.

# REV SHIVRAJ - FARMERS

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં ખેડૂતો અને ખેડૂત સંગઠન સાથે બેઠક કરી હતી.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા શ્રી ચૌહાણે કહ્યું કે, તેઓ લગભગ 50 ખેડૂત આગેવાનોને મળ્યા અને તેમની સમસ્યાઓ અને ચિંતાઓ સાંભળી. તેમણે કહ્યું કે, કૃષિ એ ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે અને ખેડૂતો તેનો આત્મા છે. શ્રી

ચૌહાણે કહ્યું કે, ખેડૂત સંઘે પાકના દર અને પાક વીમાને લગતા અનેક સૂચનો આપ્યા હોવાનું જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## ASHWINI VAISHNAV

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજસ્થાનના પ્રવાસે છે. તેઓ જયપુરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં પાર્ટી કાર્યકર્તાઓ સાથે વાતચીત કરશે. બાદમાં તેઓ પાર્ટીના રાજ્ય મહિલા મોરચા દ્વારા આયોજિત સદસ્યતા અભિયાનમાં ભાગ લેશે.

શ્રી વૈષ્ણવ જયપુરમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસ કાર્યનું પણ નિરીક્ષણ કરશે. રેલ્વે મંત્રી સવાઈ માધોપુરથી સુમેરગંજ મંડી સુધી ટ્રેનમાં મુસાફરી કરશે અને રેલ્વે ટ્રેક પ્રોટેક્શન સિસ્ટમ -કવચનું નિરીક્ષણ કરશે અને સુમેરગંજ મંડીથી દિલ્હી સુધી વિન્ડો ટ્રેલિંગ પણ કરશે.

## NEW JAMMU KASHMIR ELECTION

આવતીકાલે જમ્મુ-કાશ્મીરમાં બીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણી માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. છ જિલ્લાની 26 વિધાનસભા બેઠકો પર આ તબક્કામાં મતદાન થશે. આ જિલ્લાઓ જમ્મુ ક્ષેત્રમાં રિયાસી, રાજૌરી અને પૂંચ અને કાશ્મીર ખીણમાં શ્રીનગર અને બડગામ છે.

બીજા તબક્કામાં લગભગ 25 લાખ 78 હજાર મતદારો 239 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. ટોચના ઉમેદવારોમાં ભૂતપુર્વ મુખ્યમંત્રી ઓમર અબદુલ્લા, પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા તારિક હમીદ કુરાહ અને અપની પાર્ટીના પ્રમુખ અલ્તાફ બુખારીનો સમાવેશ થાય છે.

26 મતવિસ્તારોમાં કુલ ત્રણ હજાર 502 મતદાન મથકોને 100 ટકા વેબકાસ્ટિંગ સુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. બીજા તબક્કાના મતદાન માટેનો પ્રચાર ગઈકાલે સાંજે સમાપ્ત થઈ ગયો હતો. કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. મતગણતરી 8 ઓક્ટોબરે થશે. 18 સપ્ટેમ્બરે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 61 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું, જ્યારે બાકીના 40 વિધાનસભા ક્ષેત્રોને આવરી લેતી ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઓક્ટોબરે યોજાશે..

## JHARKHAND--EC.RTF

ચૂંટણી પંચે આગામી ઝારખંડ વિધાનસભા ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજવા સહકાર આપવા તમામ રાજકીય પક્ષોને અપીલ કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીરસિંહ સંધુએ કેન્દ્ર અને રાજ્ય અમલીકરણ એજન્સીઓને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી, રાજ્ય પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના નોડલ અધિકારીને પણ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીના સરળ અને શાંતિપૂર્ણ સંચાલન માટે નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચ આજે રાજ્યના તમામ વિભાગોના કમિશનરો, ઝોનલ આઈજી, તમામ જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, તમામ ડીઆઈજી અને તમામ પોલીસ અધિક્ષક સાથે સમીક્ષા બેઠક યોજશે.

# TENNIS--CHENGDU-OPEN.RTF

ટેનિસમાં, ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભામ્બરી અને તેમની ફ્રેન્ચ પાર્ટનર અલ્બાનો ઓલિવેટ્ટી ચેંગડુ ઓપનની ફાઇનલમાં પ્રવેશ્યા છે.

ચીનમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં ભામ્બરી-ઓલિવેટ્ટીની જોડીએ ઇવાન ડોડિગ અને રાફેલ માટોસની જોડીને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં ભામ્બરી અને ઓલિવેટ્ટી હવે ફ્રેન્ચ જોડી સાડિયો ડુમ્બિયા અને ફેબિયન રેબાઉલ સાથે મુકાબલો કરશે.

# CHATTISH GADH ENCOUNTER

છત્તીસગઢના સુકમા જિલ્લાના કરકનગુડામાં, સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણે,અથડામણ ની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે, નક્સલવાદી કમાન્ડર હિડમા અને દેવાની બટાલિયન નંબર-1ના સૈનિકો વચ્ચે અથડામણ થઇ હતી.

પોલીસ સૂત્રોનું કહેવું છે કે,મંગળવારે સવારે સૈનિકોને ચિંતાગુફા પોલીસ સ્ટેશન કરકનાગુડાના જંગલોમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. આ પછી ડીઆરજી અને કોબ્રાના જવાનો શોધખોળ માટે નીકળ્યા હતા. કનગુડાના જંગલમાં ઘૂસી આવેલા નક્સલવાદીઓએ જવાનો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાનો પણ ફાયરિંગનો જવાબ આપી રહ્યા છે. બંને તરફથી ગોળીબાર ચાલુ છે. હજુ સુધી કોઈ જાનહાનિ કે ઈજા વિશે માહિતી પ્રાપ્ત થઈ નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

## SEBI BOARD MEETING

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા, સેબીની બોર્ડ મીટિંગ 30 સપ્ટેમ્બરે યોજાશે. આ બેઠકમાં સેબીના ચેરપર્સન માધવી

પુરી બુચ સાથે જોડાયેલા આરોપો પર,પણ ચર્ચા થઈ શકે છે. હિંડનબર્ગ રિસર્ચના શોર્ટ સેલર માધવી પુરી સામે આક્ષેપો થયા બાદ સેબી બોર્ડની આ પ્રથમ બેઠક છે.

બોર્ડની બેઠકમાં સેબી દ્વારા રજૂ કરાયેલા 11 કન્સલ્ટેશન પેપર પર પણ ચર્ચા થઈ શકે છે. આ કાગળો પર લોકોની સલાહ લેવાની સમયમર્યાદા પણ પૂર્ણ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં બોર્ડની બેઠકમાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. આ કાગળો મ્યુચ્યુઅલ ફંડ લાઇટ રેગ્યુલેશન્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સ માટે નવા એસેટ ક્લાસની રજૂઆત સાથે સંબંધિત છે.

## TENNIS--CHENGDU-OPEN.RTF

ટેનિસમાં, ભારતીય ટેનિસ ખેલાડી યુકી ભામ્બરી અને તેમની ફ્રેન્ચ પાર્ટનર અલ્બાનો ઓલિવેટ્ટી ચેંગડુ ઓપનની ફાઇનલમાં પ્રવેશ્યા છે.

ચીનમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં ભામ્બરી-ઓલિવેટ્ટીની જોડીએ ઇવાન ડોડિગ અને રાફેલ માટોસની જોડીને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઇનલમાં ભામ્બરી અને ઓલિવેટ્ટી હવે ફ્રેન્ચ જોડી સાડિયો ડુમ્બિયા અને ફેબિયન રેબાઉલ સાથે મુકાબલો કરશે.

## CHATTISH GADH ENCOUNTER

છત્તીસગઢના સુકમા જિલ્લાના કરકનગુડામાં, સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણે,અથડામણ ની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે, નક્સલવાદી કમાન્ડર હિડમા અને દેવાની બટાલિયન નંબર-1ના સૈનિકો વચ્ચે અથડામણ થઇ હતી.

પોલીસ સૂત્રોનું કહેવું છે કે,મંગળવારે સવારે સૈનિકોને ચિંતાગુફા પોલીસ સ્ટેશન કરકનાગુડાના જંગલોમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. આ પછી ડીઆરજી અને કોબ્રાના જવાનો શોધખોળ માટે નીકળ્યા હતા. કનગુડાના જંગલમાં ઘૂસી આવેલા નક્સલવાદીઓએ જવાનો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.

જવાનો પણ ફાયરિંગનો જવાબ આપી રહ્યા છે. બંને તરફથી ગોળીબાર ચાલુ છે. હજુ સુધી કોઈ જાનહાનિ કે ઈજા વિશે માહિતી પ્રાપ્ત થઈ નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી સપ્ટેમ્બરે રવિવારે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારાપોતાના વિચારો રજૂ કરશે.

મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 114મો એપિસોડ હશે. આ કાર્યક્રમઆપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો. આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશે. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરત બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે

# FIFA HANDBOOK

વિશ્વ ફૂટબોલની ગવર્નિંગ બોડી ફીફા એ સોમવારે, લીગલ હેન્ડબુકની 2024 આવૃત્તિ પ્રકાશિત કરી છે. જેમાં વિશ્વભરના ફૂટબોલ રમતા રાષ્ટ્રો અને સંસ્થાઓને કાનૂની સમર્થન આપવા માટે નવીનતમ નિયમો, વૈધાનિક દસ્તાવેજો અને પરિપત્રો સામેલ કર્યા છે.વર્લ્ડ ફૂટબોલ ગવર્નિંગ બોડીએ, 2020 માં પ્રથમ આવૃત્તિ પ્રસિધ્ધ કર્યા બાદ આ કાનૂની હેન્ડબુક પ્રકાશિત કરી છે.

નવી આવૃત્તિમાં ફૂટબોલ સંસ્થાઓ અને મેચોને લાગુ પડતા તમામ નિયમો અને તાજેતરના ફેરફારો અને સુધારાનો સમાવેશ કર્યો છે. અન્ય સંબંધિત દસ્તાવેજોમાં ફીફા કાયદાઓ, ખેલાડીઓની સ્થિતિ અને સ્થાનાંતરણ પરના નિયમો અને મહિલા ખેલાડીઓ અને કોચ માટેના નિયમનકારી નવા માળખા સહિતની બાબતોને નવી આવૃત્તિમાં આવરી લેવામાં આવી છે.